નં.ડીએમ/ ગ્રા.પ.ચૂંટણી/૦૯/૨૦૨૧
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. ૨૬ /૧૧/૨૦૨૧

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામું

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દવારા તા.૨૨/૧૧/૨૦૨૧ ની અખબારયાદી ક્રમાંક ચટણ/સ્થા.સ્વ/૧૩(૬)/૧૧૨૦૧૬/ક થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવેલ છે. તા.૨૨/૧૧/૨૦૨૧ થી ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી માટે ઉમેદવારો ઉમેદવારી ફોર્મ ભરવા સમયે તેમના ટેકેદારો અને વાહનો સાથે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં જશે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો રાજય ચૂંટણી આયોગનો અભિગમ રહેલો છે. આ ઉપરાંત આદર્શ આચાર સંહિતાનું પાલન થાય અને ખર્ચ ઉપર નિયંત્રણ તથા દેખરેખ જળવાઈ રહે તે જરૂરી છે. વધુમાં ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીઓમાં આવતા સામાન્ય નાગરિકોને અગવડતા ઉભી થાય નહી તેમજ ટ્રાફીકની સમસ્યા નિવારી શકાય તે જોવું જરૂરી છે. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તે માટે પગલા લેવાનું ઉચિત જણાયેલ છે.

તેથી, હું, **મિતેશ પી. પંડયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે :

૧. સમગ્ર જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની ઉકત ચૂંટણી અન્વયે ઉમેદવારોએ ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાના વાહનો માટે સક્ષમ સતાધિકારી પાસેથી **પરવાનગી** મેળવી લેવાની રહેશે તથા તેને સંબંધિત વાહનોના વિન્ડસ્ક્રીન પર બહારથી જોઈ શકાય તે રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

૨. ચૂંટણી પ્રચાર માટે પરવાનગી મેળવેલ વાહનોનો ચૂંટણી પ્રચાર માટે કોન્વોયમાં ઉપયોગ કરવાના કિસ્સામાં રાજય ચૂંટણી આયોગની છેવટની સુચના મુજબ ઉપયોગ કરવાનો રહેશે.

૩. ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાનાર વાહનમાં જો વધારાની એસેસરીઝ ફીટ કરાવેલ હશે તો તેના માટે આર.ટી.ઓની મંજુરી રજુ કરવાની રહેશે.

૪. ઉમેદવારો કે તેની દરખાસ્ત કરનારાઓ ફોર્મ ભરવા સમયે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની **કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં ત્રણ કરતાં વધુ વાહનો રાખી શકાશે નહી** કે હંકારી શકાશે નહી.

**–: અપવાદો :–**

૧. તમામ પ્રકારના સરકારી/અર્ધ સરકારી વાહનો.

૨. રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ કે જેમને Z+ સુરક્ષા વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હોય અથવા જેમની જિંદગીને ત્રાસવાદીઓની ધમકીના કારણે જોખમ હોય, તેમને પુરી પાડવામાં આવેલ સુરક્ષા વ્યવસ્થા માટેના વાહનો કોન્વોયના વાહનોની ગણતરીમાંથી બાકાત રહેશે.

આ હુકમ ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૨૪/૧૨/૨૦૨૧ સુધી) અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ

ભારતના ફોજદારી અધિનિયમ—૧૮૬૦ (૪૫માં અધિનિયમ)ની કલમ—૧૮૮ અન્વયે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દવારા કરવી તથા ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તા.૨૬ માહે નવેમ્બર—૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

(મિતેશ પી. પંડયા)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:—

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દવારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા સારું.

૨. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર(શહેર)/(ગ્રામ્ય),ધ્રોલ,લાલપુર, જોડીયા, જામજોધપુર.

૩. નાયબ પોલીસ અધિક્ષકશ્રી,જામનગર શહેર/ ગ્રામ્ય.

૪. મામલતદારશ્રી,
જામનગર (શહેર/ગ્રામ્ય),જોડીયા, ધ્રોલ, કાલાવડ, લાલપુર,જામજોધપુર.

............ આપશ્રીની કક્ષાએથી સંબધિત ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીને જાણ કરવા સારૂ.

૫. તાલુકા વિકાસ અધિકારીશ્રી,
જામનગર, જોડીયા, ધ્રોલ, કાલાવડ, લાલપુર,જામજોધપુર.

૬. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

ઉકત આદેશ એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિધ્ધ કરાવી તેની પાંચ નકલો અત્રેને મોકલાવી આપવા વિનંતી સહ.

૭. નાયબ માહિતી નિયામકશ્રી,જામનગર

સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૮. આ કચેરીની રાજય ચૂંટણી શાખા

૯. માન્ય રાજકીય પક્ષો (રાજય ચૂંટણી આયોગ શાખા મારફત)

નકલ સવિનય રવાના :—

(૧) સચિવશ્રી,
રાજય ચૂંટણી આયોગ, ગુજરાત રાજય,
સચિવાલય,ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય,
ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી,
જામનગર.